# રર્બન પ્રોજેક્ટના કામો માટે સમિતિ બનાવવા બાબત

**ગુજરાત સરકાર**
**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**
**ઠરાવ ક્રમાંક :આરએચબી–૧૦૨૦૧૦–૧૨૧–વ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ : ૩૦/૦૧/૨૦૧૨**

**વંચાણે લીધા :**

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨/૩/૦૯ નો ઠરાવ ક્રમાંક : આરએચબી–૧૦૨૦૦૮–૪૪૦–વ

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૮/૧૨/૧૧ નો ઠરાવ ક્રમાંક : આરએચબી–૧૦૨૦૧૦–૧૨૧–વ

**પ્રસ્તાવના :–**

વંચાણ–૧ માં જણાવેલ ઠરાવથી રાજયના ગ્રામીણ વિસ્તારોમાં શહેરો જેવી માળખાકીય સુવિધાઓ જેવી કે ભૂગર્ભ ગટર વ્યવસ્થા (સફાઈ, ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થા) રસ્તાઓ, પીવાનું પાણી, સ્ટ્રીટલાઈટ વગેરે જેવી સુવિધાઓ પુરી પાડવાનું અને તે પૈકી પ્રથમ તબકકામાં ગંદા પાણીના નિકાલ માટેની ભૂગર્ભ ગટર યોજના(અન્ડર ગ્રાઉન્ડ ડ્રેઈનેજ પ્રોજેકટ) ની સવલત પુરી પાડવાનું નકકી કરવામાં આવેલ હતું. આ માટે નીચે મુજબના નગરપાલિકા સિવાયના ગામોનો વર્ષ ૨૦૦૧ ના વસ્તીગણતરીના આંકડાના આધારે આ યોજનામાં સમાવેશ કરવાનું નકકી કરવામાં આવેલ.

૧. ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા તમામ ગામો
૨. તમામ તાલુકામથકો (૧૦,૦૦૦ થી ઓછી વસ્તી હોય તો પણ)
૩. ૭,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા ટ્રાયબલ વિસ્તારના ગામો

ઉપર મુજબની પાત્રતા ધરાવતા ૨૫૫ ગામો પૈકી પ્રથમ તબકકે ૮૫ ગામોમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ યોજના માટેના અંદાજો પંચાયત વિભાગે ખાનગી કન્સલટન્ટો પાસે તૈયાર કરાવેલ છે. જેને રાજયના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તરફથી તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. આ ઉપરાંત આ કામોના ડી.ટી.પી.(ડ્રાફટ ટેન્ડર પેપર) ને પા.પુ અને ગ.વ્ય.બોર્ડ ધ્વારા મંજુરી આપવામાં આવેલ છે.

રાજયની જિલ્લા પંચાયતો ધ્વારા આ કામ માટેના ઈ–ટેન્ડરીગ પધ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવેલ છે. જે પૈકી અંદાજિત કિંમત કરતા ૧૦% સુધી ઉંચા ભાવના ટેન્ડરોની મંજુરીની સત્તા જે તે જિલ્લા પંચાયતને આપવામાં આવી છે. જયારે ૧૦% કરતા ઉંચા ભાવના આવેલ ટેન્ડરો વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફત રાજય સરકારની મંજુરી અર્થે મોકલવા માટે વંચાણ–૨ માં દર્શાવેલ પરિપત્રથી સંબંધિત જિલ્લા પંચાયતોને સુચનાઓ આપવામાં આવેલ હતી. આવા ટેન્ડરોની ફાઈલો

મંજુરી માટે નાણાં વિભાગને મોકલવામાં આવતા નાણાં વિભાગે આ ટેન્ડરોની ચકાસણી તથા ભાવોનું વ્યાજબીપણું નકકી કરવા માટે સમિતિ બનાવી તેની સમક્ષ આ ટેન્ડરો રજુ કરી સમિતિની મંજુરી મેળવી નાણાં વિભાગને રજુ કરવા સુચવવામાં આવેલ છે.

ઠરાવ :-

આથી, રાજયમાં રર્બન પ્રોજેકટ હેઠળના ભૂગર્ભ ગટર યોજનાના કામોના સંબધિત જિલ્લા પંચાયતોએ માંગેલ ટેન્ડરોની ચકાસણી તથા ભાવોના વ્યાજબીપણા અંગે ચકાસણી કરી મંજુરી આપવા માટે નીચે મુજબના અધિકારીશ્રીઓની એક સમિતિની રચના કરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનો હોદ્દો | સમિતિનો હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી,<br>પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અગ્રસચિવશ્રી. મા. અને મ. વિભાગ | સભ્યશ્રી |
| ૩ | અગ્રસચિવશ્રી, પાણી પુરવઠા | સભ્યશ્રી |
| ૪ | સચિવશ્રી (જ.સં.), નર્મદા અને જળસંપત્તિ વિભાગ | સભ્યશ્રી |
| ૫ | સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ | સભ્યશ્રી |
| ૬ | વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય | સભ્યશ્રી |
| ૭ | નાયબ સચિવશ્રી (ગૃહનિર્માણ)<br>પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ | સભ્યશ્રી |
| ૮ | હાઉસીગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ | સભ્યશ્રી |
| ૯ | ટેકનીકલ કન્સલટન્ટશ્રી, રર્બન પ્રોજેકટ | સભ્ય સચિવશ્રી |
| ૧૦ | સબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી /<br>કાર્યપાલક ઈજનેરશ્રી | આમંત્રિત સભ્ય |

સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી મળેલ ટેન્ડરની તમામ તાંત્રિક વિગતો વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ ટેકનીકલ કન્સલટન્ટશ્રી (રર્બન પ્રોજેકટ) ને પુરી પાડવાની રહેશે અને આ વિગતો ટેકનીકલ કન્સલટન્ટશ્રીએ સમિતિને રજુ કરવાની રહેશે.

આ સમિતિએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

૧. રર્બન પ્રોજેકટ હેઠળના તમામ કામોના ટેન્ડરોની ચકાસણી કરવી.

૨. ટેન્ડરમાં આવેલ ભાવોના વ્યાજબીપણાની ચકાસણી કરી ટેન્ડરની મંજુરી / નામંજુરી અંગે નિર્ણય લેવો.

૩. રર્બન પ્રોજેકટ અંતર્ગત જે કોઈ કામગીરી રાજય સરકાર તરફથી સોંપવામાં આવે તે

૪. રર્બન પ્રોજેકટ અંતર્ગત ઉદભવતી કોઈ પણ બાબત અંગે નિર્ણય લેવા અંગે

૫. સમિતિના અધ્યક્ષશ્રીની મંજુરીથી રર્બન યોજના અંતર્ગત જે કોઈ મુદ્દાઓ ઉપસ્થિત થાય તે

ઉપરોક્ત નકકી કરવામાં આવેલ સમિતિની બેઠક જયારે પણ બોલાવવામાં આવે ત્યારે અનિવાર્ય સંજોગોને કારણે જો કોઈ અધિકારીશ્રી હાજર રહી શકે તેમ ન હોય તો તેઓના પ્રતિનિધિ તરીકે મુખ્ય ઈજનેર / નાયબ સચિવશ્રીની કક્ષાથી નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારીશ્રીને બેઠકમાં હાજરી આપવા અધિકૃત કરવાના રહેશે.

ઉપરોક્ત હુકમો નોંધ પરની સમાનઅંકી ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૫/૧/૨૦૧૨ થી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આઈ.એમ.શેખ)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પં.) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, પાણીપુરવઠા, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,નર્મદા જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર
- હાઉસીંગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ,ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ટેકનીકલ કન્સલટન્ટશ્રી, રર્બન પ્રોજેકટ, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ